




પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-14 ■ તા. 27-03-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk


# યોગી આદિત્યનાથે મહિલાઓ પર વિશ્વાસ વ્યક્ત કર્યો

## સરકારમાં મંત્રી ૫ મહિલાના સમાવેશ

લખનૌ,તા.૨૬

ઉત્તર પ્રદેશમાં પ્રચંડ જીત બાદ ભારતીય જનતા પાર્ટી તરફથી આજ ફરી યોગી આદિત્યનાથે પ્રદેશના મુખ્યમંત્રી પદના શપથ લીધા. યોગીની સાથે પર અન્ય મંત્રીઓએ પણ શપથ લીધા. આ પર મંત્રીઓમાં ૫ મહિલાઓ સામેલ છે. એ યાદ રહે કે હાલ યુપીમાં રાજ્યપાલ પણ મહિલા છે, જે આનંદીબેન પટેલ છે. યોગી મંત્રીમંડળમાં જે મહિલાઓ સામેલ થઈ છે તેમાં ઉત્તર પ્રદેશ વિધાનસભા ચૂંટણીમાં આગરા ગ્રામીણ ક્ષેત્રથી નવા ચૂંટાયેલા ધારાસભ્ય બેબી રાની મોર્યને ભારતીય જનતા પાર્ટીની આગેવાની હેઠળની સરકારમાં મંત્રી પદની શપથ લેવડાવી પાર્ટીએ દલિત અને મહિલા બંનેને એક સાથે સાધવાની પહેલ કરી છે. તેઓ પહેલા ઉત્તરાખંડના રાજ્યપાલ પણ રહી ચૂક્યા છે અને ભાજપની રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પણ છે. બેબી રાની રાજ્ય બાળ આયોગ અને રાષ્ટ્રીય મહિલા આયોગના સભ્ય પણ રહી ચૂક્યા છે. તેઓ જાટવ સમાજમાંથી આવે છે. એવું માનવામાં આવી રહ્યું છે કે તેઓ માયાવતી માટે મુશ્કેલી ઉભી કરી શકે છે.



ઉત્તર પ્રદેશના હરદોઈ જિલ્લાની શાહાબાદ વિધાનસભા સીટથી રજની તિવારી ફરી એકવાર ભાજપની ટિકિટ પર ધારાસભ્ય બની છે. આ પહેલા રજની તિવારીએ ૨૦૧૭ માં બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર આસિફ ખાનને હરાવ્યા હતા. રજની તિવારીના પતિ ઉપેન્દ્ર તિવારી બિલગ્રામ નિર્વાચન ક્ષેત્રથી ધારાસભ્ય હતા. તેમના નિધન બાદ પેટાચૂંટણીમાં રજની તિવારી આ સીટ પર ધારાસભ્ય બની હતી. રજની તિવારી આ વખેત ચોથી વખત ધારાસભ્ય બની છે.

વિજય લક્ષ્મી ગૌતમ યોગી સરકારમાં રાજયમંત્રી બન્યા છે. વિજય લક્ષ્મી ગૌતમ સલેમપુર વિધાનસભા ક્ષેત્રમાંથી ધારાસભ્ય છે. ૧૯૯૨ થી રાજનીતિ શરૂ કરનાર વિજય લક્ષ્મી ગૌતમ ભાજપ મહિલા મોરચાના દેવરિયા નગરના અધ્યક્ષ રહ્યા છે. આ ઉપરાંત ભાજપના નગર ઉપાધ્યક્ષ, જિલ્લા મહિલા મોરચાના બે વખત અધ્યક્ષ, ભાજપ જિલ્લા મંત્રી, ભાજપ ગોરખપુર ક્ષેત્રના મંત્રી અને ભાજપના પ્રદેશ કાર્યસમિતિ સભ્ય રહ્યા છે.વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ માં કાનપુર દેહાતથી પ્રતિબા શુક્લા ભારતીય જનતા પાર્ટીની ટિકિટ પર ત્રીજી વખત ધારાસભ્ય બન્યા છે. તેમણે સપાના નીરજ સિંહને હરાવી પોતાની જગ્યા બનાવી છે. ૨૦૦૭ માં પણ તેઓ ધારાસભ્ય બન્યા હતા. બાદમાં ૨૦૧૭ વિધાનસભા ચૂંટણીમાં બીજી વખત અને વર્ષ ૨૦૨૨ માં ત્રીજી વખત તેમણે જીત હાંસલ કરી છે. તેમના પતિ અનિલ શુક્લ બસપાના સાંસદ અને ધારાસભ્ય રહી ચૂક્યા છે. બાદમાં પતિએ બાજપ જોઈન કર્યુ હતું. પ્રતિબા શુક્લા વર્ષ ૨૦૦૭-૨૦૦૯ સુધી લોક લેખા સમિતિના સભ્ય રહી ચૂક્યા છે. ત્યારબાદ ૨૦૦૯ થી ૨૦૧૨ માં મહિલા તેમજ બાળ વિકાસ સંબંધી સંયુક્ત સમિતિના સભ્યા રહ્યા.

ચંદૌસી વિધાન સભા સીટથી જીતનાર ગુલાબ દેવી યોગી સરકારમાં સ્વતંત્ર પ્રભાર મંત્રી બન્યા છે. ગુલાબ દેવી ગત સરકારમાં રાજયમંત્રી હતા. તેઓ પ્રથમ વખત ૧૯૯૧ માં ભાજપની ટિકિટ પર ધારાસભ્ય બન્યા હતા. ૧૯૯૬ માં તેમણે ફરી ચૂંટણી જીતી હતી. તેઓ પાંચ વખત ધારાસભ્ય રહી ચૂક્યા છે અને ભાજપ સરકારમાં માધ્યમિક શિક્ષા મંત્રી પણ રહી ચૂક્યા છે.

## ભાજપને હરાવવા માટે ધર્મનિરપેક્ષ શક્તિઓનો મોરચો બનાવવો જરૂરી : સીતારામ યેચુરી

**ભાજપના શાસનમાં લોકોએ અર્થવ્યવસ્થાના સૌથી ખરાબ પતનને જોયો છે**




શ્રીનગર,તા.૨૬

સર્વોચ્ચ પ્રાથમિકતા દેશ અને બંધારણને બચાવવાની અને લોકોના અધિકારોની રક્ષા કરવાની છે. તેના માટે ભાજપને સત્તામાંથી હટાવવી જરૂરી છેઆપણે ભાજપને અલગ થલગ કરી હરાવવાની છે તેના માટે જયારે પણ ચુંટણી આવે છે ધર્મનિરપેક્ષ શક્તિનો વ્યાપક સંભવ મોરચો બનાવવાની જરૂરત છે.

આ વાત માકપા મહામંત્રી સીતારામ યેચુરીએ અહીં પાર્ટી નેતા એમવાઈ તારિગામીના નિવાસ પર પત્રકાર પરિષદમાં કહી હતી.તેમણે કહ્યું કે માકપા સંયુકત મોરચો બનાવવાનો પ્રયાસ કરશે જેથી ભાજપને સત્તામાંથી બહાર રાખી શકાય કારણ કે ભગવા પાર્ટી તેનો દુરૂપયોગ દેશના બંધારણને નષ્ટ કરવા માટે કરી રહ્યુ છે તેમણે તમામ લોકતાંત્રિક શક્તિઓને પોતાના મતભેદને અલગ રાખી અને દેશને બચાવવા માટે આગળ આવવાની વિનંતી કરી હતી.યેચુરીએ દાવો કર્યો કે દેશે ભાજપના શાસમાં અર્થવ્યવસ્થાના સૌથી ખરાબ પતનને જોયો છે બેરોજગારી ઈતિહાસમાં સૌથી ખરાબ છે આપણા ૫૦ ટકાથી વધુ યુવાનોએ નોકરીની શોધ બંધ કરી દીધી છે કારણ કે તેમને આમ કરવાનો કોઇ અર્થ જોવા મળતો નથી લોકો પર આર્થિક હુમલા થઇ રહ્યાં છે ભુખ,બેરોજગારી મોંધવારી ચરમ પર છે તેનો અર્થ છે કે ભારતની સ્થિતિ ખુબ તેજીથી નીચે ઉતરી રહી છે.સ્વીડનના વી ડેમ ઈસ્ટીટયુટના ગત વર્ષના રિપોર્ટનો ઉલ્લેખ કરતા યેચુરીએ કહ્યું કે ભાજપ ચુંટણી જીતની બંધારણીયતાનો ઉપયોગ બંધારણના મૌલિક સ્તંભને પુરી રીતે નષ્ટ કરવા માટે કરી રહી છે તેમણે આરોપ લગાવ્યો કે આજે દેશમાં આજ થઇ રહ્યુ છે દેશમાં કાંઇ પણ બચ્યું નથી લાભ કેટલાક લોકોને જ જઇ રહ્યો છે તમામ લોકો જાણે છે કે નફો કોણ લઇ રહ્યાં છે ત્યાં સુધી કે ખેતી પણ તેમને સોંપવામાં આવી રહી છે.તેમણે કહ્યુ કે ભાજપે ચુંટણી બ્રાંડના માધ્યમથી રાજનીતિક ભ્રષ્ટ્રાચારને કાયદેસર કર્યું છે.

તેમણે કહ્યું કે ઈલેકટોરલ બ્રાંડની વિરૂધ્ધ એક અરજી પણ ગત ત્રણ વર્ષથી સુપ્રીમ કોર્ટમાં લંબિત છે ભાજપે ચુંટણી બ્રાંડથી અરબો રૂપિયા કમાયા છે અને તેઓ તે પૈસાનો ઉપયોગ ચુંટણીમાં કરે છે ભાજપ દેશની સંસ્થાઓને નબળી કરી રહી છે જે રાષ્ટ્ર માટે ઘાતક છે.

## દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧, ૬૬૦ નવા કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૨૬

દેશમાં આજે જીવલેણ કોરોનાવાયરસ રોગચાળાના નવા કેસોમાં થોડો ઘટાડો નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના ૧,૬૬૦ નવા કેસ નોંધાયા છે અને ૪,૧૦૦ લોકોના મોત થયા છે. દેશમાં અત્યાર સુધીમાં કોરોનાના ૪ કરોડ ૩૦ લાખ ૧૬ હજાર ૩૭૨ કેસ નોંધાયા છે. જાણો દેશમાં કોરોનાની તાજેતરની સ્થિતિ શું છે.કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, ગઈકાલે દેશમાં ૨ હજાર ૩૪૯ લોકો સાજા થયા હતા, ત્યારબાદ સક્રિય કેસની સંખ્યા ઘટીને ૧૬ હજાર ૭૪૧ થઈ ગઈ છે. આ રોગચાળાને કારણે જીવ ગુમાવનારા લોકોની સંખ્યા વધીને ૫ લાખ ૨૦ હજાર ૮૫૫ થઈ ગઈ છે. માહિતી અનુસાર, અત્યાર સુધીમાં ૪ કરોડ ૨૪ લાખ ૮૦ હજાર ૪૩૬ લોકો ચેપ મુક્ત થઈ ચૂક્યા છે.રાષ્ટ્રવ્યાપી રસીકરણ અભિયાન હેઠળ, અત્યાર સુધીમાં એન્ટી-કોરોનાવાયરસ રસીના ૧૮૨ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યા છે.

ગઈકાલે ૨૯ લાખ ૦૭ હજાર ૭૪૯ ડોઝ આપવામાં આવ્યા હતા, ત્યારબાદ અત્યાર સુધીમાં રસીના ૧૮૨ કરોડ ૮૭ લાખ ૬૮ હજાર ૪૭૬ ડોઝ આપવામાં આવ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૨ કરોડ (૨,૨૪,૦૫,૨૨૭) થી વધુ નિવારક રસીઓ આરોગ્ય કર્મચારીઓ, કોરોના યોદ્ધાઓ અને અન્ય રોગોથી પીડિત ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને આપવામાં આવી છે. દેશમાં કોવિડ વિરોધી રસીકરણ અભિયાન ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧ થી શરૂ થયું હતું અને પ્રથમ તબક્કામાં આરોગ્ય કર્મચારીઓને રસી આપવામાં આવી હતી. કોરોના યોદ્ધાઓ માટે રસીકરણ અભિયાન ૨ ફેબ્રુઆરીથી શરૂ થયું હતું.કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું કે અત્યાર સુધીમાં ૧૨-૧૪ વર્ષની વયના એક કરોડથી વધુ બાળકોને કોવિડ-૧૯ વિરોધી રસીનો પ્રથમ ડોઝ

## કેન્દ્રીય ટ્રેડ સંઘોનું આગામી ૨૮ અને ૨૯ માર્ચે રાષ્ટ્રવ્યાપી બંધનુ આહ્વાન

નવી દિલ્હી,તા.૨૬

કેન્દ્રીય ટ્રેડ સંઘોના એક સંયુક્ત ફોરમે આગામી ૨૮ અને ૨૯ માર્ચે રાષ્ટ્રવ્યાપી બંધનુ આહ્વાન કર્યુ છે. આ ભારત બંધ કર્મચારીઓ, ખેડૂતો તેમજ સામાન્ય લોકોને પ્રભાવિત કરતી સરકારની નીતિઓ વિરુદ્ધ બોલાવવામાં આવ્યુ છે. ભારત બંધની તૈયારીઓની સમીક્ષા કરવા માટે કેન્દ્રીય ટ્રેડ સંભોના સંયુક્ત ફોરમની એક બેઠક મંગળવારે થઈ હતી.

આ બેઠકમાં રાજયો તેમજ અલગ-અલગ ક્ષેત્રોમાં બે દિવસ સુધી ચાલનારા વિરોધ-પ્રદર્શનનુ સમીક્ષા કરવામાં આવી હતી.

ટ્રેડ સંઘોના ભારત બંધને નિષ્ફળ બનાવવા માટે રાજય સરકારો એસ્મા લગાવી શકે છે. આ જોખમ છતાં રોડવેઝ, ટ્રાન્સપોર્ટ તેમજ વિજળી વિભાગના કર્મચારીઓએ ભારત બંધને સમર્થન આપવાનો નિર્ણય કર્યો છે. એક નિવેદન મુજબ બેંકિંગ, વીમા તેમજ નાણાકીય ક્ષેત્ર પણ આ હડતાળનો હિસ્સો બનશે.

ટ્રેડ સંઘોએ આ પ્રસ્તાવિત હડતાળની નોટિસ કોલસા, સ્ટીલ, ઓઈલ, દૂરસંચાર, પોસ્ટલ, આવકવેરા, કૉપર, બેંક અને વીમા ક્ષેત્રને મોકલી છે. આ નોટિસમાં કહેવામાં આવ્યુ છે કે રેલવે તેમજ રક્ષા ક્ષેત્રના સેક્ટર્સ પણ બે દિવસ માટે ભારત બંધમાં શામેલ થવાનુ વિચારી રહ્યા છે. ટ્રેડ સંગઠનોની બેઠકમાં ચર્ચા થઈ કે હાલમાં રાજયોમાં ચૂંટણી જીતવાથી ઉત્સાહિત કેન્દ્રની બાજપ સરકાર પોતાની નીતિઓથી કામદાર વર્ગને હેરાન કરી રહી છે. બેઠકમાં ઈપીએફ પર મળતા વ્યાજમાં ઘટાડો, પેટ્રોલ, એલપીજી, કેરોસિન, સીએનજીના ભાવમાં વધારા પર ચર્ચા થઈ. ટ્રેડ સંઘોના નેતાઓએ કહ્યુ કે સરકારની નીતિઓના કારણે મોંઘવારી સતત વધી રહી છે અને શેર બજાર ગગડી રહ્યુ છે. નિવેદનમાં કહેવામાં આવ્યુ છે કે સંયુક્ત કિસાન મોરચો ૨૮ અને ૨૯ માર્ચે ગ્રામીણ બંધને પોતાનુ સમર્થન આપશે. આ સંયુક્ત ફોરમમાં હિંદ મજૂર સભા, સેન્ટર ઑફ ઈન્ડિયન ટ્રેડ યુનિયન, ઈન્ડિયન નેશનલ ટ્રેડ યુનિયન કોંગ્રેસ, ઑલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસ, સેલ્ફ એમ્પ્લોઈડ વુમન એસોસિએશન, ઑલ ઈન્ડિયા યુનાઈટેડ ટ્રેડ યુનિયન સેન્ટર, ટ્રેડ યુનિયન કો-ઑર્ડિનેશન સેન્ટર, ઑલ ઈન્ડિયા સેન્ટ્રલ કાઉન્સિલ ઑફ ટ્રેડ યુનિયન્સ, લેબર પ્રોગ્રેસિવ ફેડરેશન અને યુનાઈટેડ ટ્રેડ યુનિયન કોંગ્રેસ શામેલ છે.

## પેરાસિટામોલ સહિત ૮૦૦ દવાઓ એપ્રિલથી મોંઘી થશે

નવીદિલ્હી,તા.૨૬

નેશનલ લિસ્ટ ઓફ એસેન્શિયલ મેડિસિન્સ એટલે કે જરૂરી દવાઓની સૂચિમાં આવતી લગભગ ૮૦૦ જેટલા દવાઓના ભાવમાં એપ્રિલથી ૧૦.૭ ટકાનો વધારો થવા જઈ રહ્યો છે.ડબ્લ્યુપીઆઈમાં ઝડપથી વધારાના કારણે આમ થઈ રહ્યું છે. જેમા તાવ, હૃદયરોગ, હાઈ બ્લડ પ્રેશર, ત્વચા રોગ અને એનીમિયાની સારવારમાં ઉપયોગમાં લેવાતી દવાઓ પણ સામેલ છે. આગામી મહિનેથી પેનકિલર અને એન્ટી બાયોટિક જેમ કે પેરાસિટામોલ ફિનાઈટોઈન સોડિયમ, મેટ્રોનિયડાઝોલ જેવી જરૂરી દવાઓ મોંઘી મળવા લાગશે. વાત જાણે એમ છે કે કેન્દ્ર સરકારે શિડ્યૂલ ડ્રગ્સના ભાવમાં વધારો કરવા માટે લીલી ઝંડી આપી દીધી છે. નેશનલ ફાર્મા પ્રાઈઝિંગ ઓથોરિટીના જણાવ્યા મુજબ આ દવાઓના ભાવ ડબ્લ્યુપીઆઇના આધારે નક્કી કરાય છે. હકીકતમાં કોરોના મહામારી બાદ ફાર્મા ઈન્ડસ્ટ્રી દવાઓના ભાવ વધારવાની સતત માંગણી કરી રહી



હતી.એનપીપીએએ શિડ્યૂલ ડ્રગ્સ માટે ભાવમાં ૧૦.૭ ટકાના વધારાને મંજૂરી આપી દીધી છે. અત્રે જણાવવાનું કે શિડ્યૂલ ડ્રગ્સમાં જરૂરી દવાઓ સામેલ છે જેના ભાવ પર નિયંત્રણ હોય છે. તેના ભાવ મંજૂરી વગર વધારી શકાતા નથી. જે દવાઓના ભાવ વધવા જઈ રહ્યા છે તેમા કોરોનાના મધ્યમથી લઈને ગંભીર લક્ષણોવાળા દર્દીઓની સારવારમાં ઉપયોગમાં લેવાતી દવાઓ પણ સામેલ છે.

હવે તાવ, સંક્રમણ, હૃદયરોગ, હાઈ બ્લડ પ્રેશર, ત્વચા રોગ, અને એનીમિયાની સારવાર માટે ઉપયોગમાં લેવાતી દવાઓના ભાવ વધશે. જેમાં પેરાસિટામોલ, ફોનોબાર્બિટોન, ફિનાઈટોઈન, સોડિયમ, એઝથ્રોમાઈસિન, સિપ્રોફ્લોક્સાસિન હાઈડ્રોક્લોરાઈડ અને મેટ્રોનિડાઝોલ જેવી દવાઓ સામેલ છે.

એક એપ્રિલ ૨૦૨૨થી દવાઓના ભાવમાં વધારો જોવા મળશે. આ અગાઉ ૭ માર્ચના રોજ સરકારે જણાવ્યું કે ગત મહિને એટલે કે ફેબ્રુઆરીમાં જથ્થાબંધ મોંઘવારી દર ૧૩.૧૧ ટકા પર રહ્યો. એ જ રીતે ફેબ્રુઆરી ૨૦૨૨માં સતત ૧૧માં મહિને જથ્થાબંધ મોંઘવારી દર બેવડી સંખ્યામાં નોંધાયો. જાન્યુઆરીમાં તે ૧૨.૯૬ ટકા અને ડિસેમ્બર ૨૦૨૧માં ૧૩.૫૬ ટકા પર રહ્યો હતો.

## રાજુ સિંહે પોતાની જુની પાર્ટીના સુપ્રીમો મુકેશ સહનીને લંગુર બતાવ્યા

પટણા,તા.૨૬

ઉત્તરપ્રદેશ વિધાનસભા ચુંટણીના રણમાં ભાજપની વિરૂધ્ધ કિસ્મત અજમાવનારા બિહારના પૂર્વ મંત્રી અને વિકાસશીલ ઈસાન પાર્ટીના અધ્યક્ષ મુકેશ સહનીને હવે પાર્ટી નેતાઓથી નારાજગીનો સામનો કરવો પડી રહ્યાં છે પહેલા ભાજપે તેમની પાસેથી બચોહાં વિધાનસભા બેઠક છીનવી લીધી ત્યારબાદ તેમના ત્રણ ધારાસભ્યોએ વિકાસશીલ ઈસાન પાર્ટીનો સાથ છોડી ભાજપમાં સામેલ થયા છે.



હવે વીઆઇપીથી ભાજપમાં સામેલ ધારાસભ્ય રાજુ સિંહે સહની પર પ્રહારો કર્યા હતાં રાજુ સિંહે પોતાની જુની પાર્ટીના સુપ્રીમો મુકેશ સહનીને લંગુર બતાવ્યા છે.મુકેશ સહની પર કટાક્ષ કરતા રાજુએ કહ્યું કે ૨૦૨૦ બિહાર વિધાનસભા ચુંટણીમાં મુકેશ સહની ચુંટણી હારી ગયા હતાં આમ છતાં ભાજપે તેમને મંત્રી બનાવ્યા જેથી સ્પષ્ટ થાય છે કે આખરે અંગુર મેળવવા માટે કોણ લંગુર બન્યા હતાં.હકીકતમાં પોતાની પાર્ટીના ત્રણ ધારાસભ્યો રાજુ સિંહ,સુવર્ણા સિંહ અને મિશ્રીલાલ યાદવ પાર્ટી છોડી ભાજપમાં સામેલ થયા હતાં ત્યારબાદથી જ સહની ખુબ નારાજ છે અને તેમણે ભાજપમાં સામેલ થનારા ત્રણેય ધારાસભ્યોને લઇ કહ્યું હતું કે અંગુરની પાછળ લંગુર તો જાય જ છે.આ દરમિયાન રાજુએ આરોપ લગાવ્યો કે જયારે તે વીઆઇપીમાં હતાં તો મુકેશ સહની પાર્ટીને ખાનગી કંપનીની જેમ ચલાવી રહ્યાં હતાં અને આવી પાર્ટીમાં રહેવું તેમને પસંદ નથી ભાજપમાં સામેલ થયા બાદ રાજુ સિંહે કહ્યું કે અમે લોકોએ જયારે ૨૦૨૦માં ચુંટણી લડી હતી તો ભાજપની પૃષ્ઠભૂમિ અને એનડીએની પૃષ્ઠભૂમિ પર જ ચુંટણી લડી હતી અમે લોકો તો પાછા અમારા ઘરમાં આવ્યા છીએ. તેમણે કહ્યું કે અમે આત્મ સમ્માનથી સમજૂતિ કરી શકીએ નહીં આથી ભાજપમાં આવી ગયા ભાજપમાં આવવાનો નિર્ણય અમે કોઇના દબાણમાં લીધો નથી.

## ઉત્તરાખંડ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતાની પસંદગી કોંગ્રેસ દ્વારા ટુંક સમયમાં કરાશે

દહેરાદુન,તા.૨૬

ભાજપના મુખ્યમંત્રી બન્યા બાદ હવે કોંગ્રેસના વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા કોણ હશે તેને લઇ અટકળો શરૂ થઇ ગઇ છે આ સાથે જ પસંદગીની પ્રક્રિયા પર તાકિદે કરવામાં આવશે.રાષ્ટ્રીય મહામંત્રી અવિનાશ પાંડેએ પોતાનો રિપોર્ટ હાઇકમાન્ડને સોંપી દીધો છે.હાઇકમાન્ડે તેમને ઉત્તરાખંડ વિધાનસભા ચુંટણી પરિણામોની સમીક્ષા માટે નીરીક્ષકના રૂપમાં મોકલ્યા હતાં.



### નિવર્તમાન વિરોધ પક્ષના નેતા પ્રીતમ સિંહનું નામ સૌથી આગળ

પાંડેએ વરિષ્ઠ નેતૃત્વને રિપોર્ટ સોંપ્યો હોવાની પુષ્ટી કરતા કહ્યું કે વિરોધ પક્ષના નેતા કોણ હશે તેના પર હાઇકમાન્ડ જ નિર્ણય લેશે આ સાથે જ ઉત્તરાખંડ પ્રદેસ અધ્યક્ષનો નિર્ણય પણ હાઇકમાન્ડે જ લેવાનો છે આશા છે કે તાકિદે તસવીર સ્પષ્ટ થઇ શકે છે. વિરોધ પક્ષના નેતાની પસંદગીને લઇ કોંગ્રેસની સામે બંધારણીય અવરોધ છે ૨૮ માર્ચથી વર્તમાન વિધાનસભાનું પહેલુ સત્ર મળનાર છે.

ગૃહમાં વિરોધ પક્ષ તરફથી સરકારની સામે ઉભા થવા માટે વિરોધ પક્ષના નેતા હોવા જરૂરી છે આ સમયે નિવર્તમાન વિરોધ પક્ષના નેતા પ્રીતમ સિંહનું નામ સૌથી આગળ છે.

પરંતુ આ વખતે ચારચુલાના ધારાસભ્ય હરીશ ધામી જાહેરમાં પોતાની દાવેદારી રજુ કરી ચુકયા છે આ સાથે જ પૂર્વ મંત્રી યશપાલ આર્ય બદરીનાથના ધારાસભ્ય રાજેન્દ્ર ભંડારી મદન બિષ્ટનું નામ પણ ચર્ચામાં છે.

સુત્રોના જણાવ્યા અનુસાર વરિષ્ઠ નેતૃત્વ એવા સર્વમાન્ય ચહેરાની શોધમાં છે જેના ઝંડાની નીચે તમામ ૧૯ ધારાસભ્યો સહજતાથી રહી શકે બીજી તરફ ગત કેટલાક દિવસોથી ઉત્તરાખંડ કોંગ્રેસ પ્રમુખ વિના છે.પ્રદેશ અધ્યક્ષ માટે ખટીમાના ધારાસભ્ય ભુવન કાપડી યશપાલ શર્મા મનોજ તિવારીના નામ ચર્ચામાં છે.કુમાઉના બ્રાહ્મણ નેતાઓમાં હાલ ભુવનનું નામ આગળ છે.જો કે કોંગ્રેસનો એક મોટો વર્ગ નિવર્તમાન પ્રદેશ અધ્યક્ષ ગણેશ ગોદિયાલને જ બીજીવાર અધ્યક્ષ બનાવવાના પક્ષમાં છે. તેની પાછળ ગોદિયાલના ટુંકા કાર્યકાળ દરમિયાન આ ચુંટણીમાં વર્ષ ૨૦૧૭ની સરખામણીમાં સારૂ પ્રદર્શનનું કારણ બતાવવામાં આવી રહ્યું છે.રાષ્ટ્રીય મહામંત્રી અવિનાશ પાંડેએ કહ્યું કે વિરોધ પક્ષના નેતા અને પ્રદેશ અધ્યક્ષનો વિષય હાઇકમાન્ડના વિચારાધીન છે મેં મારો સંપૂર્ણ રિપોર્ટ રાષ્ટ્રીય અધ્યક્ષને આપ્યો છે આશા છે કે તે તાકિદે સ્થિતિ સ્પષ્ટ કરશે.

## તંત્રી લેખ

# યોગી આદિત્યનાથની બીજી ઈનિંગ



*આજથી યોગી આદિત્યનાથની બીજી ઈનિંગ શરૂ થઈ ગઈ છે. આદિત્યનાથની સાથે મંત્રીઓએ શપથ ગ્રહણ કર્યા છે. ભાજપે ચૂંટણી પહેલાં જારી કરેલ સંકલ્પ પત્રમાં જે જનકલ્યાણના વાયદા કર્યા હતા તેને પૂરા કરવાની તસવીર મંત્રીમંડળમાં દેખાઈ રહી છે. સાથે જ જાતિગત સમીકરણોને પણ ધ્યાનમાં રાખવામાં આવ્યાનું જણાય છે. બીજી ઈનિંગમાં યોગી સામે ઉત્તર પ્રદેશને ઉત્તમ પ્રદેશ બનાવવાનો ભારે પડકાર છે. ભારતીય રાજનીતિ, સંઘ પરિવાર અને ભાજપની સામાન્ય જાણકારી ધરાવનાર પણ સ્વીકાર કરશે કે બીજો કાર્યકાળ શરૂ કરવા સુધી યોગી આદિત્યનાથ રાષ્ટ્રીય નેતા રૂપે સ્થાપિત થઈ ગયા છે. ખુદને રાજનીતિના મહાપંડિત માનનારાની મોટી સંખ્યા છે, જેઓ પાછલાં બે વર્ષથી અભિયાન ચલાવી રહ્યા હતા કે આદિત્યનાથને વડાપ્રધાન મોદી અને અમિત શાહ ગમે ત્યારે મુખ્યમંત્રી પદેથી હટાવી દેશે. ઉત્તર પ્રદેશ ચૂંટણી અભિયાન દરમ્યાન પણ એવી ટિપ્પણીઓ આવતી રહી કે પરિણામ આવ્યા બાદ તેઓ મુખ્યમંત્રી પણ નહીં રહે. એક તરફ નરેન્દ્ર મોદી સભાઓમાં યોગી બહુ ઉપયોગી એવો નારો આપી રહ્યા તા, કહેતા હતા કે તેમના કાર્યકાળમાં કેવી રીતે માફિયાઓ વિરુદ્ઘ કાર્યવાહી થઈ છે અને બીજી તરફ આ પ્રકારના સમાચારો ચલાવાતા હતા. આશ્ચર્ય એનું છે કે હજુ પણ એવા લોકો છે જેમના મનમાં એ વાત છે કે મોદી અને શાહ સાથે યોગીના સંબંધો ઠીકઠાક નથી. ગુજરાતના મુખ્યમંત્રી રૂપે નરેન્દ્ર મોદીના રાજકીય ઉત્થાનની યાદ દેવડાવતાં કહેવાય છે કે કેન્દ્રીય નેતૃત્વ તેમને હટાવવા માંગતું તું, પરંતુ કદ એટલું વધી ગયું હતું કે હટાવી ન શક્યા. આ લોકો સ્થાપિત કરવા માંગે છે કે આદિત્યનાથનું કદ મોટું હોવાને કારણે ભાજપમાં નેતૃત્વ વચ્ચે દ્વંદ્વ વધી જશે. એના પર કશું કહેવું સમયની બરબાદી જ હશે.*

*એમાં બેમત નહીં કે ઉત્તરપ્રદેશમાં અનેક ધારાસભ્યો વિરુદ્ઘ આમ જનતાની સાથે જ ભાજપમાં પણ વ્યાપ્ત અસંતોષ છતાં લોકોએ ભાજપના પક્ષમાં મતદાન કર્યું તો તેમાં નરેન્દ્ર મોદી સાથે યોગીના વ્યક્તિત્વની પણ ભૂમિકા છે. અલગ-અલગ સામાજિક સમીકરણોમાં કેશવ પ્રસાદ મૌર્યથી માંડીને બીજા લોકોને પણ અસર થઈ, પરંતુ રાજ્ય સ્તર પર તમે ગમે ત્યાં જાવ તો એ સ્વર સંભળાતો હતો કે અમે મોદી અને યોગીના નામ પર વોટ આપી રહ્યા છીએ. સાંભળવામાં ભલે આ સામાન્ય લાગતું હોય પરંતુ આ સ્થિતિ અસાધારણ છે. કાર્યકર્તામાં પોલીસ અને પ્રશાસનના વ્યવહારોને લઈને નારાજગી, ધારાસભ્ય વિરુદ્ઘ ગુસ્સો હોવા છતાં પણ બહુમતીની ચાહત એ થઈ ગઈ કે યોગી જ ફરીથી મુખ્યમંત્રી બને તો તેને સામાન્ય ન કહી શકાય.*

# અમદાવાદમાં હિટ એન્ડ રનના ૨૦૯ લોકોના મોત

અમદાવાદ,તા.૨૬

અમદાવાદમાં અકસ્માતના બનાવોમાં વધારો થયો છે. વિધાનસભામાં પ્રશ્નોત્તરીકાળ દરમિયાન સરકારે છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને ગ્રામ્યમાં થયેલા અકસ્માતોની માહિતી આપી હતી. શહેરમાં છેલ્લા બે વર્ષમાં હિટ એન્ડ રનના ૨૦૪ બનાવો બન્યાં અને તેમાં ૧૧૦ લોકોએ જીવ ગુમાવ્યો છે. જ્યારે અમદાવાદ ગ્રામ્યમાં ૧૦૬ હિટ એન્ડ રનમાં ૯૯ લોકોના મોત થયા છે.

વિરમગામના કોંગ્રેસના ધારાસભ્ય લાખા ભરવાડે અમદાવાદ શહેર અને જિલ્લામાં હિટ એન્ડ રનની કેટલી ઘટનાઓ બની અને તેમાં કેટલા લોકોના મોત થયા તેવો પ્રશ્ન પુછ્યો હતો. તેમના સવાલના જવાબમાં સરકારે લેખિતમાં જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં ૨૦૨૦માં ૧૦૦ હિટ એન્ડ રનના કેસ નોંધાયા હતા અને તેમાં ૫૬ લોકોના મોત થયા હતા. જ્યારે ૨૦૨૧માં ૧૦૪ હિટ એન્ડ રન થયા અને તેમાં ૫૪ લોકોએ જીવ ગુમાવ્યા. અમદાવાદ ગ્રામ્યમાં ૨૦૨૦માં ૪૭ હિટ એન્ડ રન થયા અને મૃત્યુઆંક ૩૩ હતો. ૨૦૨૧માં ૫૯ હિટ એન્ડ રનના કેસ નોંધાયા અને ૫૫ લોકો મોતને ભેટ્યા હતા.

રાજ્યભરમાં રોડ અકસ્માત અટકાવવા માટે સ્ટેટ ટ્રાફિક બ્રિગેડ દ્વારા ૬ માર્ચથી ૧૫ માર્ચ સીટ બેલ્ટ અને હેલ્મેટના નિયમનો ભંગ કરનાર સામે ડ્રાઇવ રાખવામાં આવી હતી. આ સમયે ડીજીપી આશિષ ભાટીયાએ જણાવ્યુ હતું કે, માર્ગ અકસ્માતમાં લોકોના મોતનુ પ્રમાણ દિવસને દિવસે વધી રહ્યુ છે. જેમાં હેલ્મેટ અને સીટ બેલ્ટના અભાવના કારણે લોકોના મોત વધારે થાય છે. જેથી લોકોના જીવ બચે તેના ભાગરૂપે સમગ્ર રાજ્યના ટ્રાફિકની ડ્રાઇવ રાખવામા આવી છે.આ ડ્રાઇવ યોજવાનું મુખ્ય કારણ ગયા વર્ષે એટલે કે ૨૦૨૧માં અકસ્માતને કારણે ૩૦૫૪ અકસ્માતની ઘટના બની હતી, જેમાં ૩૩૬૨ લોકોનાં મૃત્યુ થયાં હતાં. આ અકસ્માતનો આંકડો ૨૦૧૯ અને ૨૦૨૦ કરતાં વધુ જોવા મળ્યો છે. ૨૦૨૦માં અકસ્માતની ૨૪૭૧ ઘટના બની હતી, જેમાં ૨૭૨૮ લોકોએ જીવ ગુમાવ્યો હતો. તેમજ ૨૦૧૯માં ૨૫૩૨ અકસ્માતની ઘટનાઓ બની હતી, જેમાં ૨૮૩૭ લોકોએ જીવ ગુમાવ્યો હતો. અમદાવાદમાં જ વર્ષમાં ૩૫૦ લોકો અકસ્માતના કારણે મરે છે.

# રાજુ રદીને પરણાવવા સ્વયંવહુ યોજવાની તૈયારી!!!

"ગિરધરભાઈ. તમને મફતના ભાવે લગ્ન થાય એની માહિતી છે?" રાજુએ સવાલ પૂછ્યો.

" રાજુ. કોને લગ્ન કરવું છે?" મેં પૂછયું.

"ગિરધરભાઈ. કોને એટલે મારે?" રાજુએ ગુસ્સો કરતા કહ્યું.

"રાજુ .તારે મફતના ભાવે લગ્ન કરવા માટે પાસપોર્ટ વિઝા કઢાવવા પડશે. બુલ્ગેરિયાના કલાઇડઝિ સમુદાય દ્વારા ભરાવવામાં આવે છે. સમુદાયના સિવાય કોઈ બહારની વ્યક્તિ દુલ્હન ખરીદી શકે નહિ. બજારમાં એવાજ પરિવાર હોય છે કે જે પોતાની દીકરીના લગ્ન કરવાની શક્તિ ધરાવતા ન હોય. બજારમાં છોકરીઓ એકલી નથી આવતી. તેની સાથે પરિવાર કોઈને કોઈ સભ્ય જરૂર હોય છે. આ જગ્યા પર દર વર્ષે ચાર વાર દૂલ્હનોનું બજાર ભરાય છે. અહીંયા આવીને વર પોતાની પસંદની દુલ્હન ખરીદીને પોતાની પત્ની બનાવી શકે છે. તમને જણાવી દઈએ કે આ મેળા એવા ગરીબ પરિવાર દ્વાર લગાવવામાં આવે છે, જેમની આર્થિક સ્થિતિ એવી નથી કે તે પોતાની દીકરીના લગ્નનો ખર્ચ ઉઠાવી શકે.આ બજારમાં છોકરીઓને દુલ્હનના કપડાંમાં સજાવીને લઈ જાય છે. વેચવા વાળી દુલ્હનોમાં લગભગ દરેક ઉંમરની છોકરી – મહિલા ભાગ લઈ શકે છે. અને અહિયાં દુલ્હન ખરીદવા માટે હંમેશા છોકરાની સાથે તેના પરિવારનાં સભ્યો પણ આવે છે. છોકરો પહેલા પોતાની પસંદની છોકરી નક્કી કરે છે, ત્યારબાદ તેમને વાત ચિત કરવાનો સમય આપવામાં આવે છે.છોકરી પસંદ આવવા પર છોકરો તેને પોતાની પત્ની તરીકે સ્વીકાર કરી લે છે, અને છોકરીના પરિવાર વાળાને નક્કી કરેલ રકમ આપવામાં આવે છે. દુલ્હન ખરીદવાનું ચલણ અહીંયા ઘણા વર્ષોથી ચાલી રહ્યું છે. અહિયાં આ બાબતે કોઈ કાનૂની રોક ટોક પણ નથી."

"મારી પાસે રેશનકાર્ડ નથી તો પાસપોર્ટ કયાંથી હોય?" રાજુ નિરાશ થઇ બોલ્યો.

" રાજુ. બલ્ગ્રેરિયા ન પોસાય તો ગોળ ગધેડોનો મેળો છે."

"ગિરધરભાઈ. શું કહ્યું? ગધેડો ગોળ?"

કેમ અલ્યા ગધેડા જેવી વાત કરે છે? ગધેડા ગોળ ન હોઈ શકે??"મેં રાજુને તતડાવ્યો.

"રાજુ. આ ભગોરિયા હાટબજાર માં મધ્યપ્રદેશના ઈન્દોરના આદિવાસી વિસ્તારો ધાર, ઝાબુઆ અને ખારગોનમાં ભાગોરિયા મેળા ખૂબ ધૂમધામ સાથે ઉજવવામાં આવે છે અને અહીંયા યુવક યુવતીઓ ભેગા થાય છે અને તેમજ આ યુવક-યુવતીઓ તેમના જીવનસાથીની શોધ માટે આવે છે અને તેમજ જેમાં પરસ્પર સંમતિ વ્યક્ત કરવાની રીત પણ ખૂબ જ અનોખી છે તેવું કહેવામા આવી રહ્યું છે અને લોકો અહીંયા ઘણા પ્રમાણમાં ભેગા થાય છે. આ મેળામાં સૌ પ્રથમ છોકરો છોકરીને પાન ખાવા માટે આપે છે અને ત્યારબાદ જો છોકરી પાન ખાય છે તો તે હા માનવામાં આવે છે અને ત્યારબાદ કહેવાય છે કે તે છોકરો અને છોકરી ભાગોરિયા હાટથી ભાગી જાય છે અને તેમજ બંને લગ્ન કરી લેતા હોય છે. મેળામાં પણ બીજો એક રિવાજ રીતે છોકરા અને છોકરીઓના લગ્ન કરવામાં આવે છે અને આમ જ કહેવામા આવી રહ્યું છે કે આપણે ગુલાલ એટલે કે રંગ નો ઉપયોગ હોળીના દિવસે જ કરવામાં આવે છે પણ અહીંયા કંઈક અલગ જ જોવા મળ્યું છે અને કહેવામા આવ્યું છે કે આ મેળામાં બીજો એક રસ્તો એ છે કે જો છોકરો અને છોકરી ગાલ પર ગુલાબી રંગ લગાવે છે અને તેના જવાબમાં છોકરી પણ છોકરાના ગાલ પર ગુલાબી રંગ લગાવે છે તો ત્યારબાદ માનવામાં આવે છે કે તે સંબંધ નિશ્ચિત માનવામાં આવે છે." મેં રાજુને કહ્યું.

" ગિરધરભાઇ . મેં સાંભળ્યું છે કે દસ રૂપિયામાં બહેનપણી એટલે ગર્લફ્રેન્ડ મળે છે?જેમ સુથારનું ચિત બાવળિયે હોય તેમ રાજુનું ચિત રૂપરમણી પર હોય.

"રાજુ. ચાઇનાના ગુઆન્ડોંગ પ્રાંતમાં, કોઈ પણ છોકરો ૧૦ રૂપિયા ખર્ચ કરી ૨૦ મિનિટ માટે ગર્લફ્રેન્ડ ભાડે મળે છે.તમે આ સમાચારથી નવાઈ પામ્યા હસો, પણ એવી એક જગ્યા છે જ્યાં છોકરાઓ સુંદર ગર્લફ્રેન્ડને શોધી શકે છે. જો જરૂર છે તો માત્ર ૧૦ રૂપિયા ચૂકવવા. હકીકત એ છે કે આ સમાચાર ભારતના પડોશી દેશ ચીન થી આવ્યો છે. દક્ષિણ ચીનમાં પ્રસિદ્ધ શોપિંગ કોમ્પ્લેક્સમાં એક સુંદર દશ્ય જોવા મળે છે.

કેટલીક સુંદર છોકરીઓ સરસ ડ્રેસ અને મેકઅપ સાથે એક દુકાનમાં ડિસ્પ્લે માં બેસાડેલી હોય છે.

છોકરા તેમની પસંદગીની કોઈ પણ છોકરીને પસંદ કરીને આ છોકરીઓ ને તેની ગર્લફ્રેન્ડને બનાવી શકે છે. કન્યાઓ ૨૦ મિનિટ માટે તેમની ગર્લફ્રેન્ડ બની રહેશે અને દુકાન પર માત્ર ૧૦ રૂપિયા ભરવાના.તમારી પસંદગીના ગર્લફ્રેન્ડને પસંદ કર્યા પછી, છોકરાઓને ક્યુઆર કોડ આપવામાં આવશે, જે તેમને છોકરીના ફોનમાં સ્કેન કરવાનો હોય છે. કોડ સ્કેન કર્યા પછી, છોકરી આગામી ૨૦ મિનિટ માટે તેની ગર્લફ્રેન્ડ બનશે.તેઓ મોલમાં ગમે ત્યાં ફેરવી શકે છે. જો છોકરો ૨૦ મિનિટના અંત પહેલા ૧૦ રૂ. પાછા આપી દે તો સમય વધારી શકે છે. પરંતુ છોકરીને મૉલમાંથી બહાર લઈ જવાની કોઈ પરવાનગી નથી.

ફક્ત ૧૦ રૂપિયામાં મળે છે ગર્લફ્રેંડ,ચીનમાં એક ખાસ પ્રકારનો મોલ આવેલો છે. જ્યાં ખુબજ સુંદર મોડલ ને રાખવામાં આવે છે. આ મોલ ચીન ના ગુઆંડોંગમાં આવેલ છે અને તે મોલનું નામ ધ વાઈરેલીટી સીટી ઓફ હ્યુઆન મોલ છે.

અહિયાં જે મોડલ ને રાખવામાં આવે છે કોઈ અપ્સરાથી કમ નથી હોતી. જે કોઈને પોતાના જીવન માં માં ખાલીપણું લાગે એ એમાંથી કોઈપણ છોકરી ને પોતાની ગર્લફ્રેન્ડ બનાવી શકે છે અને તે પણ ફક્ત ૧૦ રૂપિયા ચૂકવી ને. અહીં પુરુષો આવીને તેની મનપસંદ ગર્લફ્રેંડ પસંદ કરે છે અને ૧૦ રૂપિયા માં ૨૦ મિનિટ માટે તેને લઈ જાય છે. જો વિસ મિનિટ થી વધારે તેની સાથે સમય વિતાવવા હોય તો તેને વધારે પૈસા ચુકવવા પડે છે.આ મોલમાં પુરુષ તેમાંથી કોઈ પણ મહિલા ને ગર્લફ્રેંડ બનાવી ને લઈ જઈ શકે છે પણ તેની પહેલા તેને તેની શરતો માનવી પડે છે. પુરુષ તેને ૧૦ રૂપિયા માં ગર્લફ્રેંડ બનાવીને તેને એજ મોલ ફેરવવાની હોય છે. એટલુંજ નહીં પણ તમે એ શોપિંગ કરાવી શકો છો, મોડલ ને ફેરવી શકો છો પણ એની મરજી વિના તમે તેને અડકી શકતા નથી." મેં રાજુને વિગતવાર યોજના સમજાવી.

" રાજુ જુના જમાનામાં રાજકુમારી સ્વયંવર યોજીને જીવનસાથી પસંદ કરતી હતી. તારી કુંવારપ કે વાંઢાપણુ લગ્નની વેદી પર કુરબાન કરવા સ્વયંવહુનું આયોજન કર. એમાત્ર આવેલી રાંડેલી , માંડેલી, છાંડેલી,છટકેલી, અટકેલી, ભટકેલી વીસથી સિતેર વરસની વિશાળ રેન્જમાંથી જીવનસાથી પસંદ કરજે!!!!"મેં કહ્યું.

રાજુ સ્વયંવહુની મધુર કલ્પના આકાશમાં ઉડયન કરવા લાગ્યો.

અમે રાજુની લીલ પરણાવવા તૈયાર છીએ!!!!!

ભરત વૈષ્ણવ

૨૪.૩.૨૦૨૨,

# એષા ખુલ્લી કિતાબ

## પ્રકરણ ૧

એક સરસરી નજર એષાએ મુંબઈ સેન્ટ્રલના એક છેડાથી બીજા છેડા તરફ વહેતા માનવ મહેરામણ પર નાખી. હૃદયમાં બાઝેલો ડૂમો

જાણે અધવચ્ચે જ અટકી ગયો. નજર કોને શોધતી હતી ?મન કોને ઝંખતુ હતું? એષાને કઈ સમજાતું નહોતુ. મુંબઈથી અમદાવાદ જતી ગુજરાત મેલને ઉપડવાને હજુ થોડી વાર હતી. પણ એ સમય વધુ ને વધુ લંબાતો જાય એવું એષા શા માટે ઝંખતી હતી? એવું પણ નહોતુ કે આપ્તજનને છોડીને પરાઈ જગ્યાએ જવાનું હતું.

અમદાવાદમાં પણ પોતાનું જ ઘર હતું. મોટીબેન હતા, મોટાઇ હતા રક્ષાબેન, ઈલેશભાઇ અને અલ્પેશ પણ તો હતા જ ને?

સમજણ આવી ને બોલતા શીખ્યા ત્યારથી જ મમ્મી-પપ્પાના બદલે મોટીબેન -મોટાઇ જ જીભે ચઢી ગયું હતું. મોટીબેન -મોટાઇ એટલે ત્રણે પરિવારની સાંકળતી એક કડી. કેટલો મોટો પરિવાર ? મોટાઈથી નાના રજનીકાકા અને એમનાથી નાના પંકજકાકા. બાબુકાકા મુંબઈમાં અને પંકજકાકા બેંગ્લોરમાં-પણ પરિવારનું મૂળ તો અમદાવાદમાં મોટીબેન –મોટાઇના અનિકેત બંગલામાં

બંગલાનું નામ પણ સમજીને રાખ્યુ હતું.

ત્રણે ભાઈઓના સંતાનોનાં નામમાંથી બનેલું એક નામ એટલે " અનિકેત".સમગ્ર પરિવારની ધરોહર હતા મોટીબેન અને મોટાઇ.

આટલે સુધીની તો વાત તો સૌ કોઈ સમજી શકતા હતા કારણકે રજનીકાકા અને પંકજકાકાને સાવ નાનપણથી મોટીબેન -મોટાઇએ પાંખમાં લીધા હતા. પણ હવેની જે વાત હતી તે જરા સમજવી લોકો માટે મુશ્કેલ હતી. વાત જાણે એમ હતી કે એષા મુંબઈમાં રજનીકાકા-કાકી પાસે રહી તેમ રજનીકાકાનો કેતન અને પકંજકાકાની નિરા મોટીબેન - મોટાઇ પાસે મોટા થયા.

તો વળી એષાથી નાની ટીયા અને ઈલેશભાઇ બેંગ્લોર પકંજકાકા-કાકી પાસે. લોકો માટે જે કોયડો હતો તે જ તો આ પરિવારની એક સૂત્રતાનું રહસ્ય હતું.

વડાલાના એ ફલેટમાં બાળપણ ક્યારે પસાર થયું અને ક્યારે મુગ્ધાવસ્થામાં પ્રવેશ થયો એ તો અત્યારે એષાને બરાબર યાદ આવતું નહોતું. પણ હા એટલું તો ચોક્કસ યાદ હતું કે બાળપણના એ દિવસો સાવ જ નફિકરાઈથી -સાવ સરળતાથી પસાર થઈ ગયા હતા. ક્યારેય કોઈ અભાવ નહીં ક્યારે કોઈ અધૂરપ નહી. નિજાનંદમાં, મોજ મસ્તીમાં વહી ગયેલું બાળપણ મન પર કોઈ ખાસ યાદો પણ કંડારી ને ગયું નહોતું.

ધરતી અને આસમાન મળે એને ક્ષિતિજ કહેવાય પણ એ ક્ષિતિજની કોઈ જુદી ઓળખ રેખા પામવી મુશ્કેલ હોય તેવી અણદીઠી ક્ષિતિજને ઓળંગીને એષાનું બાળપણ ટીન એજ વટાવીને એક એવા સમયમાં પ્રવેશી ગયું હતું જ્યાંથી એક નવી એષા આકાર લઈ રહી હતી.

સરળતાથી વહી ચુકેલા એ દિવસોએ એષાને પણ બધે જ સરળતાથી ગોઠવાઈ જવા જેવી આદતતો પાડી દીધી હતી . આમ પણ બધું આપોઆપ ગોઠવાતું જતું હતું, ક્યારે કોઈ આયાસ કે પ્રયાસ પણ ક્યાં કરવા પડ્યાં હતાં? વડાલાનીએ અગણિત સાંજ સહીયરોની

કંપનીમાં ક્યાંય પસાર થઈ જતી !

એષાને આ બધુ સાગમટે યાદ અવતું હતું. ખબર તો હતી કે ક્યારેક તો આ માયા સમેટી લેવી જ પડશે, પણ સાવ આમ જ, અચાનક?

એવું તો ક્યારે વિચાર્યું નહોતું.

સ્કૂલનું વેકેશન પૂરું થવા આવ્યું હતું. એક દિવસ મોટાઇ અમદાવાદથી બેંગલોર જતા એક દિવસ માટે મુંબઈ રોકાયા હતા. અને બસ સવારના પહોરમાં એષાશાને અમદાવાદ આવવા કહી દીધું. કૉલેજનું એડમિશન અમદાવાદમાં થઈ જશે એવી એષાને ખાતરી

પણ આપી દીધી. અને એષાએ મુંબઈની માયા સમેટી લીધીકહો કે સમેટી લેવી પડી. પણ આ માયા સમેટવાનું એટલું સહેલુ પણ નહોતું.

# સોમનાથના કાંઠે પહેલીવાર ૩૫૦ થી વધુ કલાકારો સતત પાંચ દિવસ સુધી કલા સાધના કરશે



ગીરસોમનાથ,તા.૨૬

સોમનાથ ક્ષેત્રના ઈતિહાસમાં પહેલી વખત ભારત અને ભારતીયતાને ઉજાગર કરતો પાંચ દિવસીય લોક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

જે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથના સાનિધ્યમાં સમુદ્રકિનારે યોજાશે. આઝાદી કા અમૃત મહોત્સવ હેઠળ સંગીત નાટક અકાદમી નવી દિલ્હી દ્વારા આયોજિત અમૃત ધારા મહોત્સવમા આસામ, મણિપુર, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, તેલંગાણા, તમિલનાડુ સહિતના રાજ્યોમાંથી આવનાર ૩૫૦ થી વધુ કલાકારો પરંપરાગત નૃત્ય અને ભક્તિમય સંગીતની પ્રસ્તુતિ રજૂ કરશે.આ અમૃત ધારા ઉત્સવ સંદર્ભે જાણકારી આપતા સંગીત નાટક અકાદમીના પ્રોગ્રામ ઓફિસર તેબા દેવીએ જણાવ્યું કે, ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયમાં હેઠળની સ્વાયત સંસ્થા સંગીત નાટક એકેડમી દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ હેઠળ આયોજિત આ અમૃતસર સ્વર ધારા ઉત્સવ ૨૬ માર્ચ થી ૩૦ માર્ચ સુધી યોજાનાર છે.

જેમાં દેશના ખૂણે ખૂણેથી ૩૫૦ થી વધુ કલાકારોના ૩૩ ગ્રુપ પોતાની લોક સંસ્કૃતિ પ્રદર્શિત કરશે.

જેમાં ગાયન વાદન અને નૃત્યના ત્રિવેણી સંગમ દ્વારા ભગવાન સોમનાથ મહાદેવના સાનિધ્યમાં કલાસાધના કરાશે.

# કુખ્યાત આરોપી સજ્જુ પોતાના જ ઘરમાં બનાવેલા ગુપ્ત રૂમમાંથી ઝડપાયો

સુરત,તા.૨૬

સુરતમાં બે મહિના પહેલાં લાજપોર જેલ બહાર રાંદેર પોલીસ સાથે ઝપાઝપી કરી ભાગી જનાર નાનપુરાના માથાભારે અને વોન્ટેડ સજ્જુ કોઠારીને શુક્રવારે ક્રાઇમબ્રાંચે તેના ઘરમાં બનાવેલા ગુપ્ત રૂમમાંથી ઝડપી પાડ્યો હતો.

આની સાથે ગુજસીટોકના આરોપી સમીર શેખને પણ પકડયો હતો. ટપોરીએ પોલીસથી બચવા માટે રૂમમાં શોકેસની આડમાં અંદરના ભાગે ગુપ્ત રૂમ બનાવ્યો હતો.પોલીસે કડિયા પાસે બારી અને દરવાજો ખોલાવી અંદર છુપાયેલા સજ્જુને પકડી પાડ્યો હતો. સજ્જુ કોઠારીના ઘરમાં જ બીજા રૂમમાં બહારથી તાળુ મારીને રહેતા ગુજસીટોકના આરોપી સમીર શેખને પણ ક્રાઇમબ્રાંચે ઝડપી પાડ્યો હતો.

અગાઉ રાંદેર અને અઠવા પોલીસે ખંડણીના ગુનામાં સજ્જુ કોઠારીની ધરપકડ કરી હતી. ૨૮મી જાન્યુઆરીએ જામીન પર છુટતા પોલીસે અટકાયતી પગલા માટે સજ્જુને જેલની બહારથી પકડતા તેનો ભાઇ અને સાગરિતો પોલીસ સાથે માથાકૂટ કરી ભગાવી ગયા હતા. ૩૫ ગુનાનો આરોપી પહેલીવાર સુરત તેના ઘરેથી જ ઝડપાયો હતો.

અગાઉ નાગપુર અને મુંબઈથી પકડાયો હતો.દરવાજાને તાળું મારેલું હતુ છતાં પોલીસે દરવાજો ખખડાવ્યો અને કહ્યું કે, સજ્જુનું વોરન્ટ છે. દરવાજો ખોલો નહીં તો તોડી નાખીશું. દરવાજો ન ખુલ્યો એટલે બારીનો કાચ પોલીસે તોડી નાખ્યો.

કાચ તૂટતા જ અંદરથી દરવાજો ખુલ્યો. ત્યાર બાદ એસીપી સહિત ૨૦થી વધુ પોલીસ જવાનોએ ૫ માળની બિલ્ડિંગ ૧૦થી વધુ વખત ફેંદી વળ્યા. કોઈ પણ ખુણે સજ્જુ કોઠારી મળ્યો નહીં. આ કવાયતમાં પોલીસે ફલોરિંગ પણ ચેક કર્યું હતું. પણ સજ્જુ મળ્યો નહીં છતાં બાતમી હોવાને કારણે પોલીસે ઘરની અંદર શોધખોળ ચાલુ રાખી. મુખ્ય રૂમના ફર્નિચરની તપાસ કરી તેની પાસે ટીવી હતું.


# તાલુકા તેમજ સીધી જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ દાહોદનો સમાપન સમારોહ યોજાયો

પંચમહાલ બ્યુરો.દાહોદ

ગ્રામ્ય,તાલુકા, જિલ્લા કક્ષાની વિવિધ રમતોમાં ૧.૧૪ લાખથી વધુ ખેલાડીઓએ ભાગ લીધો

ખેલ મહાકુંભ થકી ગામે ગામથી પ્રતિભાશાળી ખેલાડીઓ બહાર આવી રહ્યાં છે - વિધાનસભા દંડક રમેશભાઈ કટારા

દેવગઢ બારીયાના જયદીપસિંહ રમત ગમત સંકુલ ખાતે તાલુકા તેમજ સીધી જિલ્લા કક્ષાના ખેલ મહાકુંભ દાહોદનો સમાપન સમારોહ વિધાનસભા દંડક રમેશભાઈ કટારાની અધ્યક્ષતામાં યોજાયો હતો. સાંસદ જસવતસિંહ ભાભોર, પૂર્વમંત્રી અને ધારાસભ્ય બચુભાઈ ખાબડ સહીતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં સમાપન સમારોહ સંપન્ન થયો હતો. જિલ્લાના ૧.૧૪ લાખથી વધુ ખેલાડીઓએ ૧૧ માં ખેલ મહાકુંભમાં ભાગ લીધો હતો.



આ પ્રસંગે દંડક રમેશભાઈએ જણાવ્યું કે, ખેલ મહાકુંભથી ગામે ગામથી પ્રતિભાશાળી ખેલાડીઓ બહાર આવી રહ્યા છે. ખેલ મહાકુંભ ખેલાડીઓની પ્રતિભાને બહાર લાવવાનું ઉત્તમ માધ્યમ બન્યું છે.

ખેલ મહાકુંભ થકી ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ મેડલ લાવતા થયા છે. દાહોદ જિલ્લામાં પણ ગ્રામ્ય સ્તરે પણ મોટી સંખ્યામાં ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે.

ખેલ મહાકુંભ જિલ્લાના ખેલાડીઓની નેસર્ગીક પ્રતિભા બહાર લાવવાનું માધ્યમ બન્યું છે. વિવિધ રમતોમાં જિલ્લાના ખેલાડીઓએ ઉચ્ચ ક્ષમતાનું પ્રદર્શન કર્યું છે.

વર્ષ ૨૦૧૯ ના ખેલ મહાકુંભમાં દાહોદ જિલ્લો રાજ્ય કક્ષાએ ત્રીજા ક્રમે રહ્યો હતો.

આ પ્રસંગે સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને તત્કાલીન મુખ્યમંત્રીએ વર્ષ ૨૦૧૦ માં ખેલ મહાકુંભનો પ્રારંભ કરીને દીર્ધદ્રષ્ટિપુર્ણ કાર્ય કર્યું હતું. અત્યારે ખેલ મહાકુંભ થકી આપણને ઉત્તમ રમતવીરો પ્રાપ્ત થઈ રહ્યા છે તે પ્રધાનમંત્રીને આભારી છે. આ ખેલમહાકુંભ થકી હજુ પણ નવા ઉત્તમ ખેલાડીઓ મળશે.આ પ્રસંગે ધારાસભ્ય બચુભાઈ ખાબડ તેમજ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાએ પ્રાસંગીક પ્રવચન કર્યું હતું અને ખેલમહાકુંભમાં ભાગ લેનારા ખેલાડીઓની પ્રસંશા કરી હતી. કાર્યક્રમમાં કલેકટર ડો. હર્ષિત ગોસાવી, જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારી, આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિનભાઈ, તાલુકા પંચાયત પ્રમુખ,મામલતદાર રમત ગમત અધિકારી વિરલ ચૌધરી સહિતના અધિકારીઓ, શાળાના આચાર્યઓ, કોચઓ, રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.